**રેલ્વે ફોજદારી કેસ નં. ૯૫૬/૨૦૨૫**

**આંક–૧ નીચે હુકમ.**

ફરીયાદ તરફે કેસની સંક્ષિપ્ત હકીકત મુજબ **તા.૧૮/૦૨/૨૦૨૫** ના રોજ ગાંધીધામ ખાતે **રેલ્વે એકટની કલમ : ૧૪૫(બી), ૧૪૬** મુજબ જોગવાઈનો ભંગ કરી ગુન્હો કરેલ છે. આરોપીને કેસ કાગળો મળ્યાની ખાતરી કરી આરોપીનું નિવેદન લેતા આરોપીએ સ્વેચ્છીક ગુન્હો કબુલ કરી તેઓનો પ્રથમ ગુન્હો છે. કુંટુંબ કબીલાવાળા અને એક માત્ર કમાનાર તથા ગરીબ વર્ગના છે અને તેઓની કબુલાત સ્વેચ્છીક હોય ગુન્હા અંગે પશ્ચાતાપ થતા સુધારવાની તક આપી હળવી સજા કરવા રજુઆત કરેલ છે. ઉપરોકત હકીકતો લક્ષમાં રાખી તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ નટવર હરીચંદ ઠાકોર, ૨૦૦૫, જી.એલ.આર. ૭૦૯ ના ચુકાદામાં ઠરાવેલ છે કે જો આરોપીનો પ્રથમ ગુનો હોય તથા હળવી સજા કરવા પુરતા કારણો જણાય આવે તો કોર્ટે કાયદામાં ઠરાવેલ મિનિમમ સજા કરતાં પણ ઓછી સજા ફરમાવી શકે છે. આરોપીનો ગુનાહિત ભુતકાળ હોવાનું રેકર્ડ પર કયાંય આવેલ નથી. વળી આરોપી કુંટુંબના એક માત્ર કમાનાર વ્યકિત હોય આરોપીને કેદની વધુ કડક દંડની સજા કરવામાં આવે તો આરોપી કેદમાં જઈને રીઢા ગુનેગારોના સંપર્કમાં આવે અને ગુનાખોરીના માર્ગે ચડે તેવી શકયતા રહેલ હોય કાયદામાં ઠરાવેલ મિનિમમ સજા નહી. કરતાં આરોપીને સ્વેચ્છીક કબુલાત પ્રથમ ગુન્હો અને ઉપરોકત કારણો ધ્યાને રાખી નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**–:: હુકમ ::–**

આથી **ક્રિ.પ્રો.કોડની કલમ : ૨૫૨** અન્વયે આરોપીને **રેલ્વે એકટની કલમ : ૧૪૫(બી), ૧૪૬** ના ગુન્હામાં ગુન્હેગાર ઠરાવી **રૂ. ૧૧૦૦/– (અંકે રૂપીયા એક હજાર એકસો પુરા)** ના દંડની સજા ફરમાવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો વધુ **દિન–૦૫** ની કેદની સજા ફરમાવામાં આવે છે.

હું આજરોજ **તા.૧૮ મી, માહે– ફેબ્રુઆરી, સને–૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરું છું.

તારીખ :– ૧૮/૦૨/૨૦૨૫
સ્થળ :– ગાંધીધામ

**(એમ.એ.શેખ)**
બીજા અધિક ચીફ જયુડી.મેજી.
ગાંધીધામ–કચ્છ.